કુવલયપ્પહ (કુવલયપ્રભ) એક આચાર્ય જે **સાવજ્જાયરિય** નામે પણ જાણીતા હતા. તે આચારમાં કઠોર હતા. એકવાર શિથિલાચારી કેટલાક સાધુઓને તે મળ્યા, તે સાધુઓએ તેમને પોતાની સાથે વર્ષાવાસમાં રહેવા વિનંતી કરી પરંતુ તેમણે તેમની વિનંતી સ્વીકારી નહિ.[1]

૧. મનિ.પૃ.૧૩૬-૧૪૫.

કુસ (કુશ) એક વલયાકર દ્વીપ.[1]

૧. સ્થાઅ.પૃ.૧૬૭.

કુસકુંડી (કુશકુણ્ડી) **ચક્કવટ્ટિ બંભદત્ત**(૧)ની પત્ની.[1]

૧. ઉત્તરાનિ.પૃ.૩૮૦.

કુસગ્ગ(પુર) (કુશાગ્ર(પુર)) **ઉસભપુર**(૧)ના સ્થાને સ્થાપવામાં આવેલું નગર. ત્યાં રાજા **પસેણઇ**(૫) રાજ કરતા હતા.[1] **કુસત્થલ** તેનું બીજું નામ હતું.[2] જુઓ **ચણગપુર.**

૧. આવનિ.૧૨૭૯,આવચૂ.૨.પૃ.૧૫૮,આવહ.પૃ.૬૭૧.

૨. મનિ.૮૭,કલ્પવિ.પૃ.૨૦૪.

કુસટ્ટ (કુશાવર્ત) એક **આરિય**(આર્ય) દેશ જેનું પાટનગર **સોરિય**(૧) હતું.[1] આગ્રા જિલ્લામાં સૂર્યપુરની આસપાસનો દેશ કુસટ્ટા નામે જાણીતો હતો.[2]

૧. પ્રજ્ઞા. ૩૭. ૨. લાઇ.પૃ.૩૦૪.

કુસત્થલ (કુશસ્થલ) મગહનું નગર[1] જ્યાં રાજા **પસેણઇ**(૫) રાજ કરતા હતા.[2] જુઓ **કુસગ્ગપુર.**

૧. મનિ.૮૭. ૨. કલ્પવિ.પૃ.૨૦૪, કલ્પધ.પૃ.૧૩૩.

કુસલ(કુશલ) **તિત્થયર મહાવીર**નું બીજું નામ.[1]

૧. આચા.૧.૧૫૭,૧૬૬, આચાશી.પૃ.૨૧૬.

કુસવર (કુશવર) એક વલયાકાર દ્વીપ.[1]

૧. અનુચૂ.પૃ.૩૬, અનુહ.પૃ.૯૧.

કુસીલપરિભાસિય (કુશીલપરિભાષિત) **સૂયગડ**નું સાતમું અધ્યયન.[1]

૧. સમ.૧૬.૨૩.

કુસુમ સુસમા અરમાં જે ચાર પ્રકારના લોકો અસ્તિત્વ ધરાવતા હતા તે ચારમાંનો એક પ્રકાર.[1] તે પ્રકારના લોકો ખૂબ જ મૃદુ કહેવાતા.[2]

૧. જમ્બૂ.૨૬. ૨. જમ્બૂશા.પૃ.૧૩૧.

કુસુમણગર (કુસુમનગર) **પાડલિપુત્ત**નું બીજું નામ.[1] તે **કુસુમપુર** પણ કહેવાતું.[2]

૧. નિશીભા.૯૫૯, બૃક્ષે.૧૦૬૯, વિશેષા. ૨૭૮૦.

૨. નિશીચૂ.૨.પૃ.૯૫,બૃક્ષે.૧૦૬૯, તીર્થો.૬૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org